# જનસંપર્ક અધિકારી,

## પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

**પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**

**કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**


**તા.૦૯/૦૨/૨૦૨૫ રવિવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**સી.આર.પી.સી.કલમ ૮૨/૮૩ મુજબ**
**આરોપીને કોર્ટમાં હાજર થવાનુ ફરમાનઃ-** **સમાચાર યાદી નં.૨૦૧/૨૦૨૫**

વટવા પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૩૧૧/૧૯૯૫ ઈપીકો કલમ ૩૬૩, ૩૬૬, ૩૭૬, મુજબ તથા સેશન્સ કેસ નં.૩૯૬/૨૦૨૩ મુજબ ગુનાના કામે આરોપી મુન્નો ઉર્ફે પુન્નો સ/ઓ ભવરા બર્મા (રહે. સરદાર ચોક લલીબહેનના મકાનમાં વિરાટનગર ઈસનપુર અમદાવાદ, મુળ વતન. ગામ-ભિડોરા થાના-તિનુવારી તા.જી-બાંધ ઉત્તરપ્રદેશ) નાઓ ઉપરોક્ત ગુનાના કામે ફરિયાદનો જવાબ આપવા સારૂ નાસતા-ફરતા હોય નામદાર જજ શ્રી એમ.બી.કોટક સાહેબ, સેશન્સ જજ કોર્ટ નં.૧૮ સિટી સિવિલ અને સેશન્સ કોર્ટ, લાલ દરવાજા, ભદ્ર, અમદાવાદ શહેર સમક્ષ તા.૧૫/૦૨/૨૦૨૫ ના રોજ હાજર રહેવા ફરમાન કરવામાં આવે છે.

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૦૨/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૯ કેસ કરી, ૧૯ વ્યક્તિઓને ઝડપી, ૧૦૨ લીટર દેશી દારૂ, ૩૨ બોટલ ઈંગ્લીશ દારૂ, ૬૦ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ અને ૧ મોટર સાયકલ કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૬ કેસ કરી ૩૧ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩૦,૦૯૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૦૩/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૭૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડીઃ-** **સમાચાર યાદી નં.૨૦૪/૨૦૨૫**

**નરોડાઃ** ડાહ્યાભાઇ નારણભાઇ પટેલ (ઉ.વ.૬૭) (રહે. વૃન્દાવન બંગલોઝ વિભાગ-૩ થલતેજ) એ તા.૦૮/૦૨/૨૦૨૫ ના રોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે પ્રયાગ પોલીકેમ પ્રાઈવેટ લિમિટેડ કંપનીના ડાયરેકટર (૧) મિલનકુમાર રવિન્દ્રકુમાર અગ્રવાલ (૨) મનિષ રવીન્દ્રકુમાર અગ્રવાલ (બન્ને રહે. બી-૭૪, સાઉથ સિટી-૧, ગુરુગાંવ હરિયાણા) (૩) નિખિલ દેવેન્દ્ર અગ્રવાલ (રહે. જી-૮૫, સાઉથ સિટી-૧, ગુરુગાંવ-૧૨૨૦૦૧, હરિયાણા) (૪) રવિન્દ્રકુમાર કે.અગ્રવાલ (રહે. બી-૭૪, સાઉથ સિટી-૧, ગુરુગાંવ ૧૨૨૦૦૧, હરિયાણા) તથા (૫) દેવેન્દ્રકુમાર કે. અગ્રવાલ (રહે. જી-૮૫, સાઉથ સિટી-૧, ગુરુગાંવ-૧૨૨૦૦૧, હરિયાણા) કમિશન એજન્ટ (૬) જશવંતકુમાર યાદવ (રહે. ટી.સી.૭૦૬ આર/ટચ કેપીટલ હાઈસ્ટીલ બીલ્ડીંગ કુલબાગ ચોક, ધરુહીરા, સોહના રોડ, ભીવંડી, જી.અલવર, રાજસ્થાન) નાઓએ ભેગા મળી સને ૨૦૧૪ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન નરોડા જી.આઇ.ડી.સી.ખાતે પ્લોટ નં.૧૩૦૩/૦૧/૨, ૧૩૦૫/૬ એ,બી ફેઝ-૪ નરોડા ખાતે કંપનીમાંથી પીગમેન્ટ આલ્ફા બ્લ્યુ, પીગમેંટ બીટા બ્લ્યુ, ગીન સેવન, કોપર થેલોસીયાનાઇન બ્લ્યુ, રીએકટીવ ડાયઝ તથા કોપર થેલોસિયાનાઇન બ્લ્યુનો માલ કિમત રૂપિયા ૨,૦૯,૭૨,૦૪૨/- ઉધારમાં ખરીદ કરી માલના નાણાં આજદીન સુધી નહી ચુકવી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પ્રો.પો.સ.ઈ.શ્રી પી.જે.જોરા ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૨૦૫/૨૦૨૫**

**રામોલઃ** નાસીરખાન ઉમરખાન પઠાણ (ઉ.વ.૫૬) (રહે. જસનગર જનતાનગરની બાજુમાં રામોલ ગામ રામોલ) એ તા.૦૮/૦૨/૨૦૨૫ ના રોજ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૦/૧૨/૨૦૨૪ રાતના ૮/૦૦ થી તા.૨૧/૧૨/૨૦૨૪ કલાક ૮/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનું તાળું તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તીજોરીમાંથી સોના-ચાંદીના દાગીના તથા રોકડ રૂપિયા ૧,૦૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૩,૫૦,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી પી.જે.પટેલ ચલાવે છે.

**સોનાનું મંગળસુત્ર/સોનાની ચેઈન ઝુટવી લઈ ગયોઃ-** **સમાચાર યાદી નં.૨૦૬/૨૦૨૫**

**ચાંદખેડાઃ** આરતીબહેન વા/ઓ વિનયભાઈ પાંડે (ઉ.વ.૩૭) (રહે. દિવ્ય જીવન રેસીડેંસી કૌટીલ્ય ફ્લેટ સામે ન્યુ સી.જી.રોડ ચાંદખેડા) તા.૦૭/૦૨/૨૦૨૫ બપોરના ૩/૧૫ વાગ્યાના સુમારે ચાંદખેડા ન્યુ સી.જી.રોડ ખાતે આવેલ અચલ રેસીડેંસી નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે સફેદ રંગના એક્સેસ સ્કુટર ઉપર આવેલ એક પુરૂષ આરતીબહેન પાંડેના ગળામાંથી સોનાનું મંગળસુત્ર કિમત રૂપિયા ૭૦,૦૦૦/- તથા સોનાની ચેઈન કિમત રૂપિયા ૩૦,૦૦૦/- ઝુટવી લઈ નાસી ગયો હતો. આ અંગેની ફરીયાદ આરતીબહેન પાંડે એ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.જી.ડાભી ચલાવે છે.

**ભુલથી ઝેરી પ્રવાહી પી જતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૨૦૭/૨૦૨૫**

**શાહીબાગઃ** રમેશભાઈ કાળીદાસ પરમાર (ઉ.વ.૫૫) (રહે.ગજાનંદ સોસાયટી ગિરધરનગર શાહીબાગ) એ તા.૦૫/૦૨/૨૦૨૫ રાતાના ૯/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ભુલથી ઝેરી પ્રવાહી પી લીધું હતું. સારવાર માટે તેમને સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જયાં સારવાર દરમ્યાન તા.૦૭/૦૨/૨૦૨૫ રાતાના ૯/૩૦ વાગે તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે શાહીબાગ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી બી.વી.પંડ્યા ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૨૦૮/૨૦૨૫**

**ઘાટલોડીયાઃ** નિમિષાબેન બ્રિજેશભાઇ પટેલ (ઉ.વ.૩૮) (રહે. રિધ્ધી સોસાયટી સ્વામિનારાયણ મંદિરની બાજુમાં ઘાટલોડીયા) એ અગમ્ય કારણસર તા.૦૭/૦૨/૨૦૨૫ સાંજના ૭/૪૫ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ઘાટલોડીયા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.આર.ચૌહાણ ચલાવે છે.

**સોલા હાઈકોર્ટઃ** નિલમ ડો/ઓ વિજયસિંહ જાટવ (ઉ.વ.૨૩) (રહે. શિવમ ગેસની ગલીમાં મહાદેવનગર વિભાગ-૧ ચાંદલોડીયા) એ અગમ્ય કારણસર તા.૦૮/૦૨/૨૦૨૫ બપોરના ૨/૦૦ વાગ્યાના સુમારે પોતાના રહેણાંક ખાતે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે સોલા હાઈકોર્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી કે.આર.ચાવડા ચલાવે છે.

**ચાંદખેડાઃ** આર્જવ સ/ઓ પ્રફુલકુમાર તના(ઠક્કર) (ઉ.વ.૪૦) (રહે. સેવી સ્વરાજ પ્રગતિ ફેઝ-૨ ગોદરેજ ગાર્ડન સીટી સામે જગતપુર ચાંદખેડા) એ અગમ્ય કારણસર તા.૦૮/૦૨/૨૦૨૫ કલાક ૮/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરની બાલ્કનીમાંથી પડતું મુકી આત્મત્યા કરી હતી. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી જગમલભાઈ સુકાજી ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી